ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ: ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-19th Dec /૨૦૧૦/૩૮-૪૮ તા. ૦૫ /૦૧/'૧૦

પ્રતિ,
ડૉ.શશીરંજન યાદવ.
કુલપતિશ્રી,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય :-** તા.૧૯/૧૨/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૯/૧૨/'૦૯નાં રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૯/૧૨/'૦૯ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :–**

Shri Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

આજ રોજ તા.૧૯/૧૨/'૦૯ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી કોન્વોકેશન યોજવા બાબતે તથા યુનિવર્સિટી કેમ્પસ પર લાઇટ–પાણીની પરિસ્થિતિ વિશે સભાને માહિતી આપી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. એસ.જી. યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. દર્શનાબેન ધોળકીયા<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>સેક્રેટરી | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

**<u>ઠરાવ : ૧ :</u> ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.**

**૨. યુનિવર્સિટી અનુસ્નાતક ભવનના પ્રોફેસર,રીડર,લેકચરરનાં તા.૯/૧૧/'૦૯નાં રોજ યોજાયેલ ઈન્ટરવ્યુ માટે પસંદગી સમિતિની બાબતે નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર,રીડર,લેકચરરની ભરતી માટે તા.૦૯/૧૧/'૦૯ નાં રોજ ઇન્ટરવ્યુની કાર્યવાહી પસંદગી સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ.સભ્યશ્રીઓની હાજરીમાં પસંદગી સમિતિનાં બંધ કવરો ખોલવામાં આવેલ, ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૨ : યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોનાં જુદા જુદા વિષયોના પ્રોફેસર,રીડર અને લેકચરર્ર ની પસંદગી માટે થયેલ ઈન્ટરવ્યુ અન્વયે પસંદગી સમિતિની કેમેસ્ટ્રી અનુસ્નાતક ભવન માટેની પ્રોફેસરની જગ્યા માટે શ્રી ડૉ. પ્રજ્ઞેશ એન.દવેને નિમવાનીભલામણ સ્વિકારવી તથા કોમર્સ એન્ડ મેનેજમેન્ટ અુસ્નાતક ભવન માટે પ્રોફેસરની જગ્યા માટેની ઈન્ટરવ્યુ અન્વયે થયેલ કાર્યવાહી અધૂરી હોય રદ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં લેકચર્રના પગાર ધોરણ સુધારતો ઠરાવ ક્રમાંકઃ કેયુજી/૧૩૦૭/૩૭૭૦(૦૭૦)/ખ તા.૩૦/૧૧/'૦૯નો સ્વીકાર કરવો.તથા તેને અનુસંધાને તા. ૯/૧૧/'૦૯ના રોજ લેકચર્રની જગ્યાઓ ભરવા માટે યોજાયેલ ઈન્ટરવ્યુ,રૂા.૭,૫૦૦/- ફીક્ષ પગારનાં ધોરણે અપાયેલ જાહેરાત સંદર્ભે હતા. લેકચર્રની સદરહુ જગ્યાઓ નિયત પગાર ધોરણમાં ભરવાની થતી હોઈ,પસંદગી સમિતિની ભલામણો સ્વીકારવી નહી.નવેસરથી જાહેરત આપી, આ બદલાયેલ પરિસ્થિતિને ધ્યાને લઈને બહોળા પ્રમાણમાં અરજીઓ મળી રહે તે હેતુથી પસંદગી કાર્યવાહી હાથ ધરવી. સદર કાર્યવાહી અન્વયે,તા. ૯/૧૧/'૦૯ના રોજનાં ઈન્ટરવ્યુ સંદર્ભે નોંધાયેલ અરજદારોએ ફેર અરજી કરવાની રહેશે નહી.

૩. યુનિવર્સિટીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧થી નવી કોલેજો શરૂ કરવાની મળેલ દરખાસ્તો બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :

ઠરાવ : ૩ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-'૧૧થી નવી કોલેજો શરૂ કરવા મળેલ દરખાસ્તો અંતગર્ત ચર્ચા વિચારણાનાં અંતે ઠરાવવામાં આવે છે કે,

૧. શ્રી શીવ શકિત સ્ટડી સર્કલ ટ્રસ્ટ, ભૂજનાં પત્ર તા. ૨/૯/'૦૯નાં અનુસંધાને પેનલ્ટી ફીની માફી ગ્રાહય રાખવામાં આવતી નથી. પરંતુ ૨૦૧૧-૧૨નાં શૈક્ષણિક વર્ષ માટેની જોડાણ અરજી તરીકે તેમની અરજી ગ્રાહય રાખવામાં આવે છે.

૨. શ્રી બી.એમ.સી.બી. ચેરીટેબલ ટ્રસ્ટની કોલેજ ઓફ બીઆર્કિટેકટ માટેની જોડાણ અરજી ટેકનીકલ અભ્યાસક્રમ હોતાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં અભ્યાસક્રમ આવતો હોવાથી સંસ્થાને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો સંપર્ક સાધવા જણાવીએ.

૩. સરકારી વિજ્ઞાન કોલેજ, માંડવીનાં તત્કાલિન કાર્યકારી આચાર્ય ડૉ. કમલ છાયાના પત્ર ક્રમાંક ૩૨ તા.૨૬/૦૮/'૦૯નાં અનુસંધાને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-'૧૦માં સુચિત કોલેજ શરૂ ન થઈ શકતાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-'૧૧ માટે તેજ જોડાણ અરજી ગ્રાહય રાખવાની વિનંતીનો સ્વિકાર કરવામાં આવે છે.

વધુમાં આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય જોડાણ અરજીઓ બાબતે પ્રથમ નીડ કમિટીની રચના કરી તેમનો રિપોર્ટ યુનિવર્સિટીને મળ્યા બાદ જોડાણ માટેની આગળની કાર્યવાહી હાથ ધરવી.નીડ કમિટી નીમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૪. યુનિવર્સિટીએ સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦થી યુનિવર્સિટી કેમ્પસ ઉપર શરૂ કરેલ છે ત્યારે તે અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પૈકી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા બાબત :

Shyamji Krishna Verma Kachchh University
BHUJ-Kachchh
370001

<u>ઠરાવ : ૪ :</u> ચર્ચા વિચારણાનાં અંતે આથી ઠરાવવામાં આવે છે કે, શિષ્યવૃત્તિનાં નોર્મ્સ તૈયાર કરવા માટે નિમાયેલ સમિતિએ કરેલ ભલામણોનો નીચેની વિગતોનાં ઉમેરા સાથે સ્વીકાર કરવામાં આવે છે.

૧. સેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કુલ્લ બેઠકોની ૫% બેઠકો માટે શિષ્યવૃત્તિ મંજુર કરવી.
૨. મહત્તમ શિષ્યવૃત્તિની રકમ ટ્યુશન ફીનાં ૫૦% આપવી.

યુનિવર્સિટીએ શિષ્યવૃત્તિઓ માટેની અરજીઓ મંગાવવી.આવેલ અરજીઓને પાંચ(૫) સભ્યોની સમિતિ સમક્ષ રજુ કરવી. પાંચ(૫) સભ્યોની સમિતિ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યોની બનાવવી. આ સમિતિએ આવેલ અરજીઓમાંથી યોગ્ય વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે પસંદગી કરી માનનીય કુલપતિશ્રીને ભલામણ મોકલવી. આ સમિતિની રચના કરવા તથા સમિતિ દ્વારા થયેલ ભલામણ અન્વયે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૫. યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલ સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં Coordinator નીમીને તેઓશ્રી પ્રોત્સાહન રકમ નક્કી કરવા બાબત :

<u>ઠરાવ : ૫ :</u> ચર્ચા વિચારણાનાં અંતે આથી ઠરાવવામાં આવે છે કે, સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં યુનિવર્સિટી દ્વારા નિમવામાં આવેલ કોઓર્ડિનેટરશ્રી કે જેઓ પોતાના અનુસ્નાતક ભવન ઉપરાંત સેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક ભવનનું વધારાનું કામકાજ કરે છે તેઓને પ્રોત્સાહન ભથ્થુ ચુકવવા બાબતે અન્ય યુનિવર્સિટીઓમાં ચાલતી વ્યવસ્થા જાણવા તથા નિયમો બનાવવા ડૉ. દર્શનાબેન ધોળકિયા અને ડૉ. બી.એસ.પટેલની સમિતિ બનાવવામાં આવે છે.આ સમિતિએ કોઓર્ડિનેટરશ્રીને પ્રોત્સાહન ભથ્થુ ચુકવવા બાબતે નિયમો તૈયાર કરી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં રજુ કરવા.

૬. રસાયણ અનુસ્નાતક ભવન દ્વારા સ્ટેટ લેવલ વર્કશોપ યોજવા બાબત :

<u>ઠરાવ : ૬ :</u> ચર્ચા વિચારણાનાં અંતે આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણ અનુસ્નાતક ભવન દ્વારા બે દિવસીય સ્ટેટ લેવલ વર્કશોપ યોજવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવે છે અને તે અન્વયે રૂા.૧,૫૦,૦૦૦/–(એક લાખ પચાસ હજાર પૂરા) ની રકમ ખર્ચ કરવા પેટે મંજુર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રસાયણ અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીએ સ્ટેટ લેવલ વર્કશોપ પુરા થયાનાં ૧૫ દિવસમાં અહેવાલ તથા ખર્ચની વિગતો યુનિવર્સિટીને પૂરી પાડવાની રહેશે. જેનો રિપોર્ટ આ સભા સમક્ષ રજૂ કરવાનો રહેશે.

૭. ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટી/કોલેજોના અધ્યાપકશ્રીઓને-શૈક્ષણિક સ્ટાફને છઠ્ઠા પગારપંચનો લાભ આપવા બાબત :

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh

ઠરાવ : ૭ : ચર્ચા વિચારણાનાં અંતે આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૦૯/૩૭૩૪/ખ./ તા.૧૧/૧૧/૦૯ તથા તા.૦૪/૧૨/૦૯ અન્વયે યુનિવર્સિટી-કોલેજોનાં શૈક્ષણિક કર્મચારીઓને આપવાના થતાં છઠ્ઠા પગાર પંચનો સ્વિકાર કરવામાં આવે છે. આ પગાર પંચ આપવા બાબતે યુનિવર્સિટીએ આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવી અને તેના અમલવારી બાબતે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૮. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે.ઈન્સ્ટીટ્યૂટ,સાપેડામાં ચાલતા અભ્યાસક્રમોમાં લેવાતી વધુ ફીની ફરિયાદ બાબતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા મૂકવામાં આવેલ શરતોની પૂર્તતા કરવાબાબત :

ઠરાવ : ૮ : કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે.ઇન્સ્ટીટયુટ સાપેડામાં ચાલતા અભ્યાસક્રમોમાં નિયત ફી કરતા લેવામાં આવતી વધુ ફી બાબતે કોલેજ સાથે સંકળાયેલ ૩ વિદ્યાર્થીઓ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભૂજમાં ન્યાય મેળવવા કરેલ અરજી અનુસંધાને યુનિવર્સિટીએ પોતાના પત્ર ક્રમાંક કયુ/ઇ.સી. શરત પૂર્તતા/૨૦૦૯-૧૦/ ૫૮૯૭ તા. ૦૯/૧૨/૨૦૦૯થી લખાયેલ પત્રના અનુસંધાને શ્રી કર્મનિકેતન ટ્રસ્ટના ચેરમેન શ્રી અરજણભાઈ કાનગડનાં તા.૧૫/૧૨/૨૦૦૯નો યુનિવર્સિટીને લખાયેલ પત્ર સભા સમક્ષ રજૂ થતાં ચર્ચા વિચારણાનાં અંતે ઠરાવવામાં આવે છે કે, સંસ્થા દ્વારા વધુ ફી લેવાયેલ છે તે બાબતે સંસ્થા સંમત છે પરિણામે જે વિદ્યાર્થીઓ – વાલીઓએ આધાર પૂરાવા સાથે સંસ્થાને અરજીઓ કરેલ છે તે સૌ વિદ્યાર્થીઓ-વાલીઓને તા.૩૧/૦૩/૨૦૧૦ સુધીમાં નિયત ફી કરતા લેવાયેલ વધારાની રકમ સંસ્થાએ ચુકવી દેવાની રહેશે.આ સમય મર્યાદામાં જો સંસ્થા દ્વારા કાર્યવાહી પૂર્ણ કરવામાં નહિં આવે તો સંસ્થા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

૯. અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદ્દાઓ :

(૧) ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા તા. ૦૮/૧૨/૨૦૦૯ થી તા. ૧૨/૧૨/૨૦૦૯ દરમ્યાન ધોરડો-કચ્છ ખાતે યુવા ચેતના શિબિર યોજવા, તેનું આયોજન કરવા સબંધે આ યુનિવર્સિટીને યજમાની સોંપવા બદલ ધન્યવાદ પ્રસ્તાવ મોકલવા બાબત :

ઠરાવ : ૯ : આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૦૮/૧૨/૨૦૦૯ થી તા. ૧૨/૧૨/૨૦૦૯ દરમ્યાન ધોરડો-કચ્છ ખાતે ગુજરાત રાજયની યુનિવર્સિટીઓનાં એન.એસ.એસ. તથા અન્ય અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓ સહિત કુલ્લ ૪૦૦ વિદ્યાર્થીઓની યુવા ચેતના શિબિર યોજવાની યજમાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે કચ્છ યુનિવર્સિટીને સોંપવામાં આવી તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આજની સભા તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર આભાર માને છે.

Shyamji Krishna Varma Kachchh University BHUJ-Kachchh 370001

(૨) ગુજરાત રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટીના લેક્ચરર્રની જગ્યા માટેની ફીક્ષ પગાર ધોરણમાં ફેરફાર કરીને તે જગ્યાઓ પૂર્ણ પગાર ધોરણની મંજૂર કરવાના ઠરાવ બાબતે રાજય સરકારશ્રીને આભાર પ્રસ્તાવ મોકલવા બાબત :

<u>ઠરાવ : ૧૦ :</u> આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં લેકચર્રની ૧૯ જગ્યાઓ કે જે ફીક્ષ પગાર ધોરણે મંજૂર કરવામાં આવેલ હતી. ફીક્ષ પગાર ધોરણને કારણે આ જગ્યાઓ પૈકી અમુક જગ્યાઓ વણપુરાયેલી રહેતાં તે જગ્યાઓનું પગાર ધોરણ સુધારી આપવાની યુનિવર્સિટીની રજૂઆતને ધ્યાને લઈ શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંકઃ એનજીસી/ ૧૧૨૦૦૯/૩૭૩૪/ખ./ તા.૧૧/૧૧/૦૯થી તે જગ્યાઓને પૂર્ણ પગારધોરણમાં સમાવી અપાતાં આ સભા તથા સમગ્ર યુનિવર્સિટી પરીવાર માનનીય શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાનો આભાર માને છે.

(૩) યુનિવર્સિટીની મંજૂર થયેલ શૈક્ષણિક જગ્યાઓ પર કાર્યરત ૧૧ અધ્યાપકશ્રીઓનો એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતાં લાંબાગાળાની નિયમીત નિમણુંક આપવા બાબત :

<u>ઠરાવ : ૧૧ :</u> યુનિવર્સિટીની મંજૂર થયેલ શૈક્ષણિક જગ્યાઓ પર કાર્યરત નીચે દર્શાવેલ ૧૧ અધ્યાપકશ્રીઓની અરજીઓને ધ્યાને લઈ તેમનો યુનિવર્સિટીમાં જોડાયા તારીખથી એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતાં તેઓની નિમણુંકને લાંબાગાળાની નિયમીત નિમણુંક જોડાયા તારીખથી ગણવાનો ઠરાવ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. જીજ્ઞા એલ. ખોલીયા | – | લેકચર્ર શિક્ષણ વિભાગ. |
| ૨. | ડૉ. સુરેશ જી. પરડવા | – | લેકચર્ર અર્થશાસ્ત્ર વિભાગ. |
| ૩. | ડૉ. અતુલ આઈ. કનૈયા | – | લેકચર્ર શિક્ષણ વિભાગ. |
| ૪. | ડૉ. ભાવેશ એમ. જેઠવા | – | લેકચર્ર ગુજરાતી વિભાગ. |
| ૫. | ડૉ. મનિષા એમ. બારડ | – | લેકચર્ર કોમર્સ વિભાગ. |
| ૬. | શ્રી પંકજ કે. ઠાકર | – | લેકચર્ર સંસ્કૃત વિભાગ. |
| ૭. | ડૉ. મૃગેશ એચ. ત્રિવેદી | – | લેકચર્ર અર્થ એન્ડ એનવા. સાયન્સ વિભાગ |
| ૮. | ડૉ. બાલાજી રંગનાથન | – | રીડર અંગ્રેજી વિભાગ. |
| ૯. | ડૉ. શ્રીધર રાજેશ્વરન | – | પ્રોફેસરશ્રી અંગ્રેજી વિભાગ. |
| ૧૦. | ડૉ. બી.એસ.પટેલ | – | પ્રોફેસરશ્રી શિક્ષણ વિભાગ. |
| ૧૧. | ડૉ. ડી.એમ. બકરાણીયા | – | રીડર શિક્ષણ વિભાગ. |

(૪) યુનિવર્સિટી સંસ્કૃત અનુસ્નાતક ભવન દ્વારા બે દિવસીય પુરાલિપિ કાર્યશાળા આયોજન કરવા અને તે અનુંસંધાને ખર્ચ મંજૂર કરવા બાબત.

<u>ઠરાવ : ૧૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત અનુસ્નાતક ભવન દ્વારા બે દિવસીય પુરાલિપિ કાર્યશાળા આયોજન કરવા અંગે મળેલ અરજી બાબતે ચર્ચા વિચારણાના અંતે આયોજનની મંજુરી આપવામાં આવે છે અને આ કાર્યશાળાના આયોજન અનુંસંધાને

અધ્યક્ષશ્રી દ્વારા મળેલ અંદાજિત ખર્ચ રૂ. ૨૫,૦૦૦/– (પચીસ હજાર પુરા) ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
BHUJ-Kachchh
370001

(૫) યુનિવર્સિટી વહીવટી સ્ટાફની જગ્યાઓ રાજ્ય સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ ન હોતાં હાલમાં હંગામી જગ્યાઓ ફીક્ષ પગાર ધોરણથી ઉભી કરવામાં આવેલ છે આ ફીક્ષ પગાર ધોરણમાં વધારો કરવા બાબત :

<u>ઠરાવ : ૧૩ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં રોજ બરોજના વહીવટ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા વહીવટી સ્ટાફની જગ્યાઓ મંજૂર થયેલ ન હોતાં ફીક્ષ માસિક રૂા. ૨૫૦૦/–, રૂા.૧૫૦૦/– તથા અન્ય ફીક્ષ પગારે કામ કરતાં હંગામી સ્ટાફને પગાર વધારો કરવા અંતગર્ત એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની તથા યુનિવર્સિટી વહીવટી કર્મચારીઓ સહીતની નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિ રચવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી મુકેશભાઈ ઝવેરી | – | અધ્યક્ષશ્રી |
| ૨. | શ્રી અનિરૂધ્ધ ભાઈ દવે | – | સભ્યશ્રી |
| ૩. | શ્રી મહેશભાઈ આહિર | – | સભ્યશ્રી |
| ૪. | ડૉ. તુષાર આર. હાથી | – | સભ્યશ્રી |
| ૫. | શ્રી કે.એમ.શાહ | – | સભ્યશ્રી |
| ૬. | શ્રી મનિષભાઈ માંગલીયા | – | સભ્યશ્રી |
| ૭. | શ્રી કમલ કચાવા | – | સભ્યશ્રી |
| ૮. | શ્રી હિમંતસિહજી સોઢા | – | સભ્યશ્રી |

આ સમિતિએ અન્ય યુનિવર્સિટીમાં હંગામી કર્મચારીઓને પગાર વધારો કઇ રીતે આપવામાં આવે છે? કેટલો વધારો આપવામાં આવે?પગાર વધારો કરાતાં આર્થિક બોજો કોણ અને કેવી રીતે ઉપાડશે તે અંગે પોતાનો રિપોર્ટ તૈયાર કરીને સભા સમક્ષ રજૂ કરવાનો રહેશે.

(૬) યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ શરૂ કરવા બાબત :

<u>ઠરાવ : ૧૪ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસના બિલ્ડીગનું બાંધકામ સંપૂર્ણ પૂર્ણ થઈ ગયેલ છે. પરંતુ ગેસ્ટ હાઉસને અનુરૂપ ફર્નિચરના અભાવે ગેસ્ટ હાઉસ બિલ્ડીગને ઉપયોગમાં લઇ શકાતું નથી. યુનિવર્સિટીમાં અવાર નવાર મહાનુભાવો મુલાકાતે આવતા હોય છે ત્યારે અન્યત્ર તેમની વ્યવસ્થા કરવામાં આવે છે જે ખર્ચાળ છે. પરિણામે યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ ચાલુ થઈ શકે તે માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ)ની રકમ યુનિવર્સિટી ફંડ/ગ્રાન્ટ માંથી ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે. જયારે સરકારશ્રી દ્વારા ગેસ્ટ હાઉસ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવે ત્યારે આ ખર્ચ તે ગ્રાન્ટની સામે સરભર કરવામાં આવે. ઉપર્યુકત રકમ ખર્ચ કરવાની સત્તા અને ગેસ્ટ હાઉસ શરૂ થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.



(અનિલ ગોર)
કુલસચિવ
ક્રે.એસ.કે.વી.
કચ્છ યુનિવર્સિટી
ભુજ - કચ્છ